દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬

દેશમાં ફરજિયાત મતદાનનું મિકેનિઝમ ઉભું કરવા માટે સુપ્રીમ કોર્ટનો આદેશ

ભારત દેશમાં લોકશાહી છે અને આ લોકશાહીને જીવંત રાખવા માટે ચૂંટણી અનિવાર્ય છે. ચૂંટણીમાં મતદાન પણ એટલું જ જરૂરી છે પરંતુ ભારતમાં એવી સ્થિતિ છે કે જેટલા મતદારો છે તેમાંથી અનેક મતદારો મતદાન જ કરતાં નથી. મતદાન ઓછું થવાને કારણે જે લાયક નહીં હોય તેવા ઉમેદવારો પણ ચૂંટાઈ આવે છે. ચૂંટણી પંચ દ્વારા દર વર્ષે મતદાન વધારવા માટે અનેક પ્રયાસો-પ્રચારો કરવામાં આવે છે પરંતુ મતદાનની ટકાવારી હજુ સુધી 100 ટકા પર પહોંચી શકી નથી. ભારતમાં એવો કોઈ જ કાયદો નથી કે પ્રત્યેક મતદારે ફરજિયાત મતદાન કરવું જોઈએ. આ કારણે જ હવે સુપ્રીમ કોર્ટે આગેવાની લીધી છે અને ભારતમાં લોકશાહીને વધુ મજબૂત કરવા માટે મતદાનને ફરજિયાત બનાવવા એક મિકેનિઝમ તૈયાર કરવા માટે કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે.

સુપ્રીમ કોર્ટનું એવું માનવું છે કે , ચૂંટણીમાં દરેક નાગરિકની ભાગીદારી એ માત્ર હક નથી પરંતુ એક પવિત્ર ફરજ પણ છે. સુપ્રીમ કોર્ટનું માનવું છે કે, ચૂંટણીના દિવસે મોટી સંખ્યામાં મતદારો મતદાનથી દૂર રહે છે . જે તંદુરસ્ત લોકશાહી માટે યોગ્ય નથી. જો મતદાન ફરજિયાત કરવામાં આવે તો સરકારની પસંદગીમાં જનતાનો સાચો અને સંપૂર્ણ મતાધિકાર પ્રતિબિંબિત થાય તેમ છે. સુપ્રીમ કોર્ટના આદેશને કારણે આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર દ્વારા મતદાનને ફરજિયાત કરવા માટેના પગલાઓ ઘડવામાં આવશે. ફરજિયાત મતદાનનો મુદ્દો વિવાદી પણ છે અને તે માટેનો કાયદો બનાવવા માટે બંધારણમાં પણ સુધારો કરવો પડે તેવી સંભાવના છે. હાલના રાજકારણમાં મતદાન ફરજિયાત કરવાનો કાયદો બને કે કેમ? તે રાજકારણનો વિષય છે પરંતુ એ વાત સત્ય છે કે મતદાનને ફરજિયાત બનાવવામાં આવે તો પ્રત્યેક નાગરિક પોતાની ફરજ પ્રત્યે સાવધાન થાય તેમ છે. જોકે,

સાથે સાથે અનેક વિસંગતતાઓ પણ સર્જાય તેમ છે. ફરજિયાત મતદાન કરવા માટે ચૂંટણી પંચે મોટી કવાયત કરવી પડે તેમ છે.

હાલમાં ચાલી રહેલી સરની કામગીરીમાં જ એટલા વિવાદો સર્જાયા છે કે જો મતદાર યાદી જ સંપૂર્ણ નહીં હોય તો મતદાન ફરજિયાત કેવી રીતે કરાવી શકાશે તેવા અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે. મતદાનને ફરજિયાત બનાવવામાં આવ્યા બાદ પણ જો કોઈ દ્વારા મતદાન કરવામાં નહીં આવે તો શું કરવું તે પણ મોટો પ્રશ્ન છે. વિશ્વના અનેક દેશોમાં મતદાન મરજિયાત જ છે. મતદાનને હક તરીકે ગણાવવામાં આવ્યો છે. તેને ફરજ તરીકે નિયત કરવામાં આવ્યું નથી. મતદાન ફરજિયાત કરવામાં આવે તો ચૂંટણીના પરિણામો પર પણ મોટી અસર જોવા મળી શકે તેમ છે. હાલમાં એવી સ્થિતિ છે કે ઓછા મતદાનને કારણે ઘણી વખત અયોગ્ય ઉમેદવાર પણ ચૂંટાઈ આવે છે. જોકે, જો મતદાન ફરજિયાત કરવામાં આવે અને તમામ મતદારો મતદાન કરવા માટે આવે તો મતદાન માટેની વ્યવસ્થાઓમાં ધરમૂળથી ફેરફારો કરવા પડે તેમ છે.

બુથોની સંખ્યા વધારવાથી માંડીને મતદાન કેન્દ્રોની સંખ્યા પણ વધારવી પડે તેમ છે. હાલના રાજકારણના સિનારીયોમાં કેન્દ્રની ભાજપ સરકાર પણ ઈચ્છતી જ હતી કે મતદાનને ફરજિયાત કરવામાં આવે કે જેથી તેમને રાજકીય લાભ થાય. હવે સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે ત્યારે આગામી દિવસોમાં મતદાનને ફરજિયાત કરવા માટેના કાયદાઓ ઘડવામાં આવશે તે નક્કી છે.

જો પનીરની વાનગીઓ તમારી ખાસ પસંદ છે તો આ લેખ તમારે વાંચવો જ રહ્યો

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

પનીરની વિવિધ વાનગીઓ ખાવાનાં શોખીનો માટે આ લેખ રસપ્રદ થઈ પડશે. આજકાલ માધ્યમોમાં એક સમાચાર ધૂમ મચાવી રહ્યા છે કે, સેંકડો હોટલ-રેસ્ટોરાંમાં શુદ્ધ દૂધના પનીરને બદલે કેમિકલ, વનસ્પતિ તેલ અને સ્ટાર્ચમાંથી બનેલું એનાલોગ પનીર પીરસવામાં આવી રહ્યું હોવાની શક્યતાઓ છે, જેને કારણે તમે આસ્વાદી રહેલ પનીરની વાનગી કદાચ આ પ્રકારના પનીર જેવા જ લાગતા એનેલોગ પનીરમાંથી બનેલી હોઈ શકે, ત્યારે સૌ પ્રથમ તો એનેલોગ પનીર શું છે એ જાણવા માટેનો પ્રયત્ન કરીશું.

એનેલોગ પનીર એ પરંપરાગત અસલી પનીરનો એક સસ્તો વિકલ્પ કે બદલાયેલ સ્વરૂપ છે, જેને સિન્થેટિક પનીર, નકલી પનીર કે સબસ્ટિટ્યૂટ પનીર પણ કહી શકાય. આ પનીર દૂધ વગર બનાવવામાં આવે છે અને તેનો દેખાવ, રચના તેમજ સ્વાદ અસલી પનીર જેવો જ રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અસલી પનીર અને એનાલોગ પનીર વચ્ચેનો મુખ્ય તફાવત નીચે મુજબ છે:

આ એક પ્રકારનું processed analogue cheese જેવું ઉત્પાદન છે. તેને બનાવવા વનસ્પતિ તેલ (મોટે ભાગે પામ ઓઇલ અથવા હાઈડ્રોજનેટેડ વેજીટેબલ ફેટ), સ્ટાર્ચ (મકાઈનો સ્ટાર્ચ અથવા અન્ય સ્ટાર્ચ), સ્કિમ્ડ મિલ્ક પાઉડર, ઇમલ્સિફાયર્સ (emulsifying salts જેમ કે phosphates, citrates), સ્ટેબિલાઈઝર્સ, એસિડિટી રેગ્યુલેટર, ફ્લેવર, કલર અને પ્રિઝર્વેટિવ્સ જેવા કાચા માલની જરૂર પડે છે. તેલ સિવાયનાં બધાં ઘટકોને પાણી સાથે હાઈ-સ્પીડ શિયર મિક્સરમાં ભેળવીને સ્લરી (ગાઢ પેસ્ટ) બનાવવામાં આવે છે. આ સ્લરીને સામાન્ય રીતે 80-95 C તાપમાને ગરમ કરવામાં આવે છે. તેલ ઉમેરીને સતત હલાવીને ઇમલ્સિફિકેશન (એકસરખું ભેળવવું) કરવામાં આવે છે.

એસિડિફિકેશન / કોગ્યુલેશન

કેટલીક પ્રક્રિયામાં એસિડિટી રેગ્યુલેટ કરીને મિશ્રણને ગાઢ અને પનીર જેવી રચના આપવામાં આવે છે. કેટલાક કિસ્સામાં ખાસ coagulant (જેમ કે GDL + calcium lactate) ઉમેરીને curd જેવું બનાવવામાં આવે છે.

ગરમ મિશ્રણને ઠંડું કરીને મોલ્ડમાં ભરવામાં આવે છે. દબાણ આપીને બ્લોક બનાવવામાં આવે છે. પછી પેક કરીને ફ્રીઝમાં સ્ટોર કરવામાં આવે છે.

આ પ્રક્રિયા ઔદ્યોગિક સ્તરે મોટા મિક્સર અને હીટરનો ઉપયોગ કરીને ઝડપથી અને સસ્તામાં થાય છે.

બાબત	અસલી પનીર	એનાલોગ પનીર
મુખ્ય ઘટક	તાજું દૂધ	વનસ્પતિ તેલ / પામ ઓઇલ, સ્ટાર્ચ, ઇમલ્સિફાયર
પ્રોટીન	ઉચ્ચ પ્રમાણમાં (દૂધમાંથી)	ખૂબ ઓછું અથવા નહીંવત્
ફેટ	દૂધનું કુદરતી ફેટ	હાઇડ્રોજનેટેડ વેજીટેબલ ફેટ / ખરાબ ફેટ
ઉત્પાદન ખર્ચ	મોંઘું	ખૂબ સસ્તું (અડધા કરતાં પણ ઓછો)
આરોગ્ય અસર	પૌષ્ટિક (પ્રોટીન, કેલ્શિયમ વગેરે)	લાંબા ગાળે હૃદય માટે નુકસાનકારક હોઈ શકે

એનાલોગ પનીર કેવી રીતે બનાવવામાં આવે છે?

નોંધ: ભારતમાં એનાલોગ પનીર વેચવું કાયદેસર છે, પરંતુ પેકેજ પર સ્પષ્ટ લખેલું હોવું જોઈએ કે તે 'Non-dairy' અથવા 'Analogue'છે. ઘણી હોટેલો અને રેસ્ટોરન્ટમાં તેને સાદા પનીર તરીકે જ વાપરવામાં આવે છે, જે ગ્રાહકોને ખબર પડતી નથી. જો તમે શુદ્ધ દૂધનું પનીર ખાવા માંગતા હો, તો પેકેજ પર લેબલ ચકાસો અથવા ઘરે જ બનાવીને ખાઓ!

એનાલોગ પનીર વિશેની સંપૂર્ણ જાણકારી મેળવ્યા બાદ એ સમજી લઈએ કે એનાલોગ પનીર અસલ પનીર નથી અને આમ છતાંય એનું ઉત્પાદન અને વપરાશ ગેરકાયદેસર નથી. સવાલ માત્ર એટલો છે કે, જેને આપણે દૂધમાંથી બનેલું અસલ પનીર સમજીએ પનીર પકોડાથી માંડી પનીર પસંદા, પાલક પનીર, પનીર ભુરજી, પનીર લવાબદાર, પનીર ટીક્કા કે પનીર ચીલ્લીની જ્યાફત ઉડાડીએ છીએ તે શુદ્ધ પનીરના વિકલ્પે વપરાતું અને તેના કરતાં અડધી કિંમતે મળતું એનેલોગ પનીર હોઈ શકે.

ગુજરાતમાં આ પ્રકારની

એનેલોગ પનીર એ પરંપરાગત અસલી પનીરનો એક સસ્તો વિકલ્પ કે બદલાયેલ સ્વરૂપ છે, જેને સિન્થેટિક પનીર, નકલી પનીર કે સબસ્ટિટ્યૂટ પનીર પણ કહી શકાય. આ પનીર દૂધ વગર બનાવવામાં આવે છે અને તેનો દેખાવ, રચના તેમજ સ્વાદ અસલી પનીર જેવો જ રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે

વાનગીઓ પીરસતી રેસ્ટોરાંની સંખ્યા લાખોમાં હશે. એક સમાચાર મુજબ એકલા અમદાવાદમાં જ ૨૭,૦૦૦ હૉટલ અથવા રેસ્ટોરાં છે. આ બધી રેસ્ટોરાં તેમજ ફાસ્ટફુડ અથવા ખાઉબજારમાં મળતી પનીરની વાનગીઓમાં વપરાતા પનીરનો અંદાજ લગાવીએ તો એનો વપરાશ વર્ષે દહાડે કરોડો રૂપિયાનો અને ટનબંધ થતો હશે એમ કહી શકાય. દૂધમાંથી પનીર બનાવવું હોય તો એક કિલો પનીર બનાવવા માટે એનાથી દસ ગણું દૂધ જોઈએ. જ્યારે એનાલોગ પનીર દૂધ વાપર્યા વગર સાચા પનીરની માત્ર અડધી કિંમતે બનાવી શકાય. એનું ઉત્પાદન અને વેચાણ ગેરકાયદે નથી માત્ર એના પેકેજિંગ પર 'એનાલોગ પનીર' એવું લખેલું હોવું જોઈએ. જો કોઈ રેસ્ટોરાં અથવા હૉટલ પોતે પીરસતી પનીરની વાનગીઓ બનાવવા માટે એનાલોગ પનીર વાપરતી હોય તો એણે સ્પષ્ટ રીતે મેનુ કાર્ડમાં 'અમારે ત્યાં પીરસાતી પનીરની વાનગીઓમાં એનાલોગ પનીર વપરાય છે.' આવું ગ્રાહકનું તરત ધ્યાન ખેંચાય એ રીતે લખવું જોઈએ. એનાલોગ પનીરમાં દૂધમાંથી બનતા પનીરની સરખામણીમાં પ્રોટીનની માત્રા સાવ ઓછી હોય છે અને ટ્રાન્સ ફેટ એટલે કે ચરબીની માત્રા વધારે હોય છે. ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરીટી ઑફ ઈન્ડિયા દ્વારા નિર્ધારિત કર્યા મુજબ જો કોઈ હૉટલ અથવા રેસ્ટોરાં એનાલોગ પનીરનો ઉપયોગ કરે તો તેણે અગાઉ જણાવ્યા મુજબ મેનુકાર્ડમાં સ્પષ્ટપણે આ જાણકારી આપવી ફરજિયાત છે પરંતુ મોટે ભાગે કોઈ મેનુ કાર્ડમાં આવો ઉલ્લેખ કરવામાં આવતો નથી અને વધારે નફો કમાઈ લેવાની લ્હાયમાં શુદ્ધ પનીરને બદલે એનાલોગ પનીર પધરાવી દેવાનો ખેલ ચાલ્યા જ કરે છે. ગુજરાત સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા છેલ્લા કેટલાક સમયમાં ૧૫૦૦ કિલો જેટલું નકલી પનીર પકડવામાં આવ્યું છે પણ આ જથ્થો તો સાવ નગણ્ય છે. એ જોતાં પનીરની કોઈ પણ વાનગી બહાર ખાતાં પહેલાં એ એનાલોગ પનીરમાંથી બની છે કે કેમ તેની ચકાસણી રેસ્ટોરાં સંચાલક સાથે આપણે કરી લેવી જોઈએ જેથી આપણા પોતાના આરોગ્ય સાથે કોઈ ચેડાં થાય નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

બેલગામ ઈચ્છાઓ

એક દિવસ ગુરુજીએ પોતાના શિષ્યોને કહ્યું, 'આજે હું તમને એવી વાત કરવાનો છું જેને કારણે તમારા જીવનમાં સુખ અને આંનંદ ઘટે છે ને દુ:ખ અને વિષાદ વધે છે.' શિષ્યો જાણવા ઉત્સુક બન્યા કે એવી કઈ ચીજ છે જે સુખ ઘટાડી દુ:ખ વધારે છે.અને બધા શિષ્યોએ નક્કી કર્યું કે ગુરુજી જે ચીજ કહેશે તેનાથી આપને દુર જ રહીશું.ગુરુજીએ કહ્યું, 'આપણા જીવનમાં સુખને દુર ભગાડનાર અને દુ:ખમય જીવન કરનાર છે આપણે પોતે,આપણું મન અને આપણી બેલગામ ઈચ્છાઓ....હા આ બેલગામ સતત વધતી જતી અને એક પછી એક ઉદભવતી ઇચ્છાઓ જ બધા દુ:ખનું અને મનની વેદનાનું કારણ છે.' શિષ્યોને ગુરુજીની વાત સાંભળી આશ્ચર્ય થયું કારણ દરેક મનુષ્યના મનમાં ઈચ્છાઓ તો હોય જ છે અને તેનાથી તો દુર પણ કઈ રીતે જવું.એક શિષ્યએ પૂછ્યું, 'ગુરુજી, ઈચ્છાઓ થવી તો મનુષ્યનો મૂળભૂત સ્વભાવ છે તો તે દુ:ખનું કારણ કઈ રીતે બને છે તે સમજાવો.' ગુરુજી બોલ્યા, 'બરાબર છે ઈચ્છાઓ દરેક મનુષ્યના મનમાં ઉદભવે છે.ત્યાં સુધી ઠીક છે.પણ મુશ્કેલીઓ પછીથી શરુ થાય છે.ઈચ્છા ઉદભવે પછી તે પૂરી કરવાના પ્રયત્નો શરુ થાય અને જો ઈચ્છા કોઈ કારણસર ન પૂરી થાય તો ક્રોધ ઉત્પન્ન થાય છે.અને પોતાના મનની ઈચ્છા પ્રમાણે ન થાય તેનો ગુસ્સો મનુષ્ય બીજા પર ઠાલવે છે અને પોતાના મનની અને ઘરની શાંતિ ભંગ કરે છે.સબંધો બગાડે છે.' બીજા શિષ્યએ વચ્ચે જ પૂછ્યું, 'એટલે ગુરુજી ઈચ્છા પૂરી ન થાય તો દુ:ખ અને તકલીફ વધે પણ ઈચ્છાઓ પૂરી થઈ જાય તો તો સુખ જ મળે ને..' ગુરુજી હસ્યા અને બોલ્યા, 'હા, ઈચ્છાઓ પૂરી થઇ જાય તો ક્ષણભર સુખ મળે પણ એક ઈચ્છા પૂરી થયા પછી બીજી ઈચ્છા જાગે છે ...પછી ત્રીજી .... પછી ચોથી ....ઇચ્છાઓ પૂરી થવાનો લોભ જાગે છે.અને એક વાર લોભ જાગે પછી તે વધતો જ રહે છે અને સાથે લાલચ ,લાલસા વધારે છે.જે ઈચ્છો તે બધી જ ઈચ્છાઓ પૂરી થવા લાગે તો વ્યક્તિમાં ધીમે ધીમે અભિમાન પણ જાગવા લાગે છે જે તેની પડતીનું કારણ બને છે.' ગુરુજીની વાત સાંભળી શિષ્ય મૂંઝાયા;એક જણે પૂછ્યું, 'ગુરુજી, તો પછી કરવું શું ?? આપણા મનમાં તી આ ઇચ્છાઓ સતત જાગતી જ રહેવાની છે તો પછી આ બેલગામ ઇચ્છાઓ વછે શું કરવું જેથી જીવનને હાની ન પહોંચે??' ગુરુજી બોલ્યા, 'વત્સ ,આપણી બેલગામ ઇચ્છાઓ તો મનમાં ઉગતી જ રહેશે પણ તેની અસરોથી બચવા માટેનો રસ્તો પણ મન પાસે જ છે.અને તે છે 'ધીરજ -ધૈર્ય' ઇચ્છાઓ પૂરી ન થાય ત્યારે પણ ધીરજ રાખો અને પૂરી થવા લાગે ત્યારે પણ ધૈર્ય જાળવો.તો તમે ઇચ્છાઓને કારણે મળતા દુ:ખની છાયાથી બચી જશો.' ગુરુજીએ સરસ વાત સમજાવી.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

પાણી: જરૂરિયાત નહીં, વૈભવ 'બોટલ કે રેગ્યુલર?'

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

ભોજન માટે બહાર ગયા હોઈએ ત્યારે પાણીની માગણી કરતાં જ આવો સવાલ પૂછાય છે, જેનો જવાબ મોટે ભાગે 'બોટલ' હોય છે. એટલે કે પાણી પણ ખરીદેલું, શુદ્ધ હોય એવું પીવાનું. આવા વલણ પાછળ મોટા ભાગનાં લોકોને મન પાણીની શુદ્ધિનું નહીં, પણ પોતાની ખરીદશક્તિનું મહત્ત્વ વધુ હોય છે. હકીકતમાં પીવાના શુદ્ધ પાણીનો અધિકાર પ્રત્યેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે. આ પાણીનું હવે વ્યાપારીકરણ થઈ ગયું હોવાથી તે હવે 'ખરીદવાની' ચીજ બની ગઈ છે. પ્લાસ્ટિકની શીશીઓમાં વેચાતું પાણી પીવાઈ ગયા પછી રહી જાય છે કેવળ પ્લાસ્ટિક, જે અઢળક પ્રદૂષણ કરે છે. આ પાણી પણ અલગ અલગ કદની શીશીઓ કે પ્લાસ્ટિકના પાઉચમાં મળે છે. હવે મુસાફરીમાં પાણી ભરેલી શીશી રાખવામાં મોટા ભાગનાં લોકોને શરમ અનુભવાય છે અને તેઓ 'જરૂર પડ્યે ખરીદી લઈશું'ની ભાવના ધરાવતાં થઈ ગયાં છે.

આજકાલ બજારમાં પીવાનાં પાણીની અનેક મોંઘી અને મોટી તેમજ સ્થાનિક બ્રાન્ડ ઉપલબ્ધ બની રહી છે. કહેવાય છે કે તેઓ વાસ્તવમાં પાણી નહીં, પ્લાસ્ટિક જ વેચે છે, કેમ કે, એક વાર ખરીદાયા પછી અંદર રહેલું પાણી થોડા સમયમાં જ વપરાઈ જાય છે અને રહી જાય છે ફક્ત પ્લાસ્ટિક.

સુરક્ષિત પીવાનું પાણી આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતાપ્રાપ્ત માનવાધિકાર હોવા છતાં દેશભરમાં શહેરી વિસ્તારનાં ઘરો પૈકી કેવળ છ ટકા સુધી જ તે સુલભ થઈ શક્યું છે. બાકીનાં કરોડો લોકો તેના માટે અન્ય સ્રોત પર આધારિત છે.

ભારત સરકારના નીતિ આયોગ દ્વારા તૈયાર કરાયેલા 'કોમ્પોઝિટ વોટર મેનેજમેન્ટ ઈન્ડેક્સ (સી. ડબલ્યુ.એમ.આઈ.) અહેવાલ', 2018 અનુસાર આપણા દેશમાં સુરક્ષિત પાણીની અધૂરપને કારણે દર વર્ષે બે લાખ લોકો જીવ ગુમાવે છે. આપણા દેશની જળકટોકટી કેવળ અછત પૂરતી મર્યાદિત નથી, બલકે પાણીની ઊતરતી કક્ષાની ગુણવત્તા પણ જાહેર સ્વાસ્થ્ય માટે એટલી જ જોખમકારક છે. આ બાબતનું ઉદાહરણ થોડા મહિના પહેલાં જ ઈન્દોરમાં જોવા મળ્યું કે જેમાં પીવાના મલિન પાણીને કારણે લોકોએ જાન ગુમાવવા પડ્યા.

દિલ્હી, બેંગલુરુ અને ચેન્નાઈ જેવાં મહાનગરોમાં પાણીની કટોકટી અતિ ગંભીર છે. પાણીનો અપૂરતો જથ્થો અને ઊતરતી ગુણવત્તા બન્ને સમસ્યાઓ તીવ્રપણે અહીં જોવા મળે છે. તો મુંબઈ, હૈદરાબાદ, જયપુર, પૂણે, કોલકાતા અને ઈન્દોર સહિત બીજાં અનેક શહેરો ભૂગર્ભજળના અતિશય વપરાશ અને વધતી જતી માગને કારણે થતા પુરવઠામાં ઘટાડાને કારણે પાણીની તંગી વેઠી રહ્યાં છે.

દિલ્હી, બેંગલુરુ અને ચેન્નાઈ જેવાં મહાનગરોમાં પાણીની કટોકટી અતિ ગંભીર છે. પાણીનો અપૂરતો જથ્થો અને ઊતરતી ગુણવત્તા બન્ને સમસ્યાઓ તીવ્રપણે અહીં જોવા મળે છે. તો મુંબઈ, હૈદરાબાદ, જયપુર, પૂણે, કોલકાતા અને ઈન્દોર સહિત બીજાં અનેક શહેરો ભૂગર્ભજળના અતિશય વપરાશ અને વધતી જતી માગને કારણે થતા પુરવઠામાં ઘટાડાને કારણે પાણીની તંગી વેઠી રહ્યાં છે

આશ્વાસન લેવું હોય તો એટલું લઈ શકાય કે આ કેવળ વિકાસશીલ દેશોની સમસ્યા નથી, બલ્કે વૈશ્વિક સમસ્યા છે. પ્રતિ વર્ષ ચારસો કરોડથી વધુ લોકો પાણીની તીવ્ર તંગીનો સામનો કરી રહ્યાં હોવાનો સંયુક્ત રાષ્ટ્રસંઘનો એક અહેવાલ જણાવે છે, જેમાં જણાવાયું છે કે આમ ને આમ ચાલતું રહ્યું તો વર્ષ 2030 સુધીમાં પાણીની માગ ચાલીસ ટકા જેટલી વધી જશે.

એવું નથી કે કેવળ વસતીવધારો, શહેરીકરણ અને કૃષિ જેવાં પરિબળોને કારણે જ પાણીની માગ અને પુરવઠા વચ્ચેનું અંતર વધુ છે. સતત વધી રહેલા ઉદ્યોગો અને ડીજીટલ માળખાનો થઈ રહેલો સતત વિકાસ પણ તેના માટે જવાબદાર છે. કૃષિક્ષેત્રમાં પાણીના લગભગ સિત્તેર ટકા જથ્થાનો ઉપયોગ થાય છે, તો ડેટા સેન્ટરો, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને એ.આઈ.ના ઉપયોગમાં પણ ઝપાટાભેર વધારો થઈ રહ્યો છે. એક અંદાજ અનુસાર ડેટા સેન્ટરના વૈશ્વિક ઉદ્યોગો એકલા જ વરસેદહાડે 56,000 કરોડ લીટર પાણી વાપરી નાખે છે, જેમાંનું મોટા ભાગનું ઠંડક માટે વપરાય છે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના જણાવ્યા અનુસાર વર્ષ 2030 સુધી તે વધીને એક લાખ વીસ હજાર કરોડ લીટરે પહોંચશે.

એ પણ જાણી લેવા જેવું છે કે સો મેગાવોટનું એક હાઈપરસ્કેલ ડેટા સેન્ટર વરસેદહાડે અઢીસો કરોડ પાણી વાપરે છે. આશરે એંસી હજાર લોકોની રોજિંદી જરૂરિયાત માટે વરસે આટલો જથ્થો પર્યાપ્ત થઈ પડે. માઈક્રોસોફ્ટ અને ગુગલ જેવી કંપનીઓના ડેટા સેન્ટરમાં પાણીનો વપરાશ દિન-બ-દિન વધતો ચાલ્યો છે અને હજી વધતો રહેશે. એટલે કે આપણે સાચી ખોટી રીતે એ.આઈ. જેવી સેવાઓ થકી જે ગતકડાં કરીએ છીએ એ છેવટે કોઈકના ભાગનું છીનવેલું પાણી હશે એમ કહી શકાય.

બીજી તરફ લોકોમાં હવે શીશીમાં રહેલું પાણી પીવાનું ચલણ વધતું ચાલ્યું છે. જોવા જેવી વાત એ છે કે સડકના કિનારે આવેલા ગલ્લામાં દસ-વીસ રૂપિયામાં વેચાતું એ જ પાણી કોઈ હોટેલમાં વેચાવા જાય એટલે કશા વાજબી કારણ વિના મોંઘું બની જાય છે. સુરક્ષાના કે શુદ્ધિના પોતાના ખ્યાલોથી કે પછી આર્થિક સ્થિતિના કાલ્પનિક ખ્યાલથી પ્રેરાઈને તેને ખરીદનારને ભાગ્યે જ સમજાય છે કે પીવાનું શુદ્ધ પાણી મેળવવું ખરેખર તો પોતાનો મૂળભૂત અધિકાર છે. ઉલટાનું હવે પૈસા ખરચતાં પીવાનું શુદ્ધ પાણી બધે જ આસાનીથી મળી રહે છે એ જોઈને તે હરખાય છે.

દુષ્કાળ, વરસાદની બદલાતી તરાહ, ગ્લોબલ વોર્મિંગ જેવાં પરિબળો પાણીની અછત માટે જવાબદાર ખરાં, પણ એ ન ભૂલવું જોઈએ કે કહેવાતા વિકાસ અને મૂડીવાદી પરિબળોને કારણે પાણીના ઉપયોગની પ્રાથમિકતા બદલાઈ ગઈ છે અને ઉદ્યોગ, ઊર્જા, ડીજીટલ ક્ષેત્ર જેવા ક્ષેત્રે તે પ્રચંડ માત્રામાં વપરાય છે, જે સરવાળે પીવાનાં પાણીની અછત તરફ દોરી જાય છે.

આથી જળકટોકટી કેવળ જળવાયુની સમસ્યા નથી, પણ સામાજિક, આર્થિક અને રાજકીય સમસ્યા પણ છે. આટલું સમજાય, સ્વીકારાય તો પછી તેના ઉકેલની વાત આવે, જે શક્ય લાગતું નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

હોળી-ધૂળેટી પર્વમાં કેસુડાના ફૂલ!

હોળી અને ધૂળેટીના પર્વમાં કેસુડાના ફૂલ (પલાશ)નું વિશેષ મહત્વ છે. તે વસંતઋતુમાં ખીલતા કુદરતી કેસરી-લાલ ફૂલ છે, જેમાંથી પલાળીને ઓર્ગેનિક રંગ બનાવાય છે. આ રંગ ત્વચા માટે અત્યંત ગુણકારી, ચર્મરોગ નાશક અને સ્વાસ્થ્યવર્ધક માનવામાં આવે છે, જે કેમિકલમુક્ત હોળીની ઉજવણી માટે ઉત્તમ છે! કેસુડાના ફૂલ વિશે વધુ માહિતી: ઔષધીય ઉપયોગ: કેસુડાના પાણીથી સ્નાન કરવાથી ત્વચા સોફ્ટ બને છે, ગરમીથી રક્ષણ મળે છે અને ચામડીના રોગો દૂર થાય છે! પરંપરા: આદિકાળથી કેસુડાના પ્રાકૃતિક રંગથી હોળી રમવાની પરંપરા રહી છે, જે આદિવાસી વિસ્તારોમાં હજુ પણ જીવંત છે! કુદરતી રંગ: ફૂલોને પાણીમાં પલાળીને અથવા સૂકવીને તેનો પાવડર બનાવીને પ્રાકૃતિક કેસરી રંગ તૈયાર કરવામાં આવે છે! ફ્લેમ ઓફ ફોરેસ્ટ: કેસુડાના વૃક્ષને 'ફ્લેમ ઓફ ફોરેસ્ટ' તરીકે પણ ઓળખવામાં આવે છે, જે વસંતમાં પ્રકૃતિની શોભા વધારે છે! ખેર, કેસુડો માત્ર તહેવારની ઉજવણી જ નહીં, પણ પ્રકૃતિ અને આયુર્વેદનું સુંદર જોડાણ છે!આમ, કેસુડો ફાગણ મહિનાની વસંત ઋતુમાં ખીલે છે અને સાંસ્કૃતિક રીતે ખૂબ મહત્વ ધરાવે છે! હોળી ધૂળેટીની શુભેચ્છા! અભ્યાસ! સંત સુરા

સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન

સેમ ડે ક્લીયરીંગ સિસ્ટમ

છેલ્લા કેટલાક સમયથી રીઝર્વ બેન્ક દ્વારા સેમ-ડે-ક્લીયરીંગની સિસ્ટમ લાગુ કરવાના સંનિષ્ઠ પ્રયાસો થઇ રહ્યા હતા પરંતુ કેટલીક ટેકનીકલી ઊણપને પરિણામે હકારાત્મક પરિણામ પ્રાપ્ત થતું હતું પરંતુ છેવટે તમામ બેન્ક ગ્રાહકોના હિતમાં સેમ ડે ક્લીયરીંગ સિસ્ટમ નીવડી છે. 11 થી 2 સમય દરમ્યાન બેન્ક આ ક્લીયરીંગમાં ભરેલા ચેકોની સ્લીપ પર સેમ ડે ક્લીયરીંગ ડેટ સ્ટેમ્પ લાગે છે. સાંજ સુધી ચેકો ક્લીયર થઇ જાય છે. જેથી બેન્ક ગ્રાહકો અને વેપારીએ કેશ કે ચેકો દ્વારા બીજે દિવસે સરળતાથી આર્થિક વ્યવહારો કરી શકે છે. આ ગ્રાહકહિત લક્ષ્મીકાર્ય માટે રીઝર્વ બેન્ક અને તમામ સંબંધિત બેન્કોને ધન્યવાદ.

સુરત - રાજુ રાવલ

સન્માનપત્રમાં ભાષાદોષ? કેમ કરીને ચાલે દોસ્ત?

વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે ઠેર ઠેર માતૃભાષા મહોત્સવ ઉજવાયા. પણ અફસોસ અને દુ:ખ સાથે કહેવું પડે કે ભાષા પ્રત્યેની આપણી જાગરુકતા માત્ર ઉજવણી પૂરતી જ છે.અરે..કાર્યક્રમના જાહેર પોસ્ટરમાં અને સન્માનપત્રોમાં પણ અનેક ભાષાદોષ અને જોડણીદોષ જોવા મળ્યા. સંસ્થાઓ પોતાના દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રેષ્ઠીઓનું સન્માન સન્માનપત્ર આપીને કરે છે, પરંતુ આ સન્માનપત્રની ભાષામાં જોડણીદોષ હોય કે ઉટપટાંગ વાક્યરચના હોય ત્યારે એ સન્માનપત્ર હાસ્યાસ્પદ બની રહે છે.સ્વાભાવિક છે કે ઘણાં લોકો પોતાને પ્રાપ્ત થયેલા આવા સન્માનપત્રને પોતાની ડીપીમાં મૂકે છે..પોતાના ઘરમાં પણ દર્શનીય રીતે ગોઠવે છે ત્યારે આવા ભાષાદોષ સાથેના સન્માનપત્ર ખરેખર તો સન્માનિત કરનાર સંસ્થાની ભાષા અંગેની બેદરકારીની જાહેરમાં છડી પોકારતા હોય છે.જ્યારે પણ કોઈ સન્માનપત્ર કે સ્મૃતિભેટ અપાય ત્યારે એનું લખાણ ભાષાકીય રીતે શુદ્ધ હોય એટલી કાળજી તો જરૂર લેવી જોઈએ. આપણામાં ખરેખર ભાષા પ્રત્યેની ચીવટ અને નિષ્ઠા જોવા મળે છે ખરી?

કીમ, સુરત - પ્રકાશ પરમાર

અનોખી પ્રાર્થનાસભા

મારા એક સ્વજનની પ્રાર્થનાસભા હતી. જે કાંઈક મારા મત મુજબ અનોખી હતી. એ સ્વજન એમની 79 વર્ષની ઉંમરે અવસાન પામ્યા. એમને એમનો 80 મો જન્મદિવસ ઉજવવાની અદમ્ય ઈચ્છા હતી પરંતુ ઈશ્વરને એ મંજૂર નહોતું. તેથી 80 મો જન્મદિવસ ઉજવે એ પહેલાં જ એમની પાસે બોલાવી લીધા. પરંતુ એમની એ ઈચ્છા એમનાં દીકરી , દીકરા - વહુ,દોહિત્રી,દોહિત્રી - જમાઈ દોહિત્ર,પૌત્રીએ એમની પ્રાર્થના સભા વખતે પૂર્ણ કરી. આ પ્રાર્થના સભાને એક ઉત્સવ તરીકે લેવાનું કહ્યું. એમને પાઉ વડા અને કચોરી ઘણી ભાવતી એટલે ત્યાં આવનાર દરેક વ્યક્તિને એ વહેંચવામાં આવ્યું અને આવનાર દરેક વ